**આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓન ફાર્મ રીસર્ચ યોજના અંતર્ગત હા. નેપિયર ઘાસ (ગજરાજ ઘાસ)ના ચિપાના કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો.**

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીયા ખાતે ચાલતી ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટેડ રિસર્ચ પ્રોજેકટ ઓન ઇંટિગ્રેટેડ ફાર્મિંગ સિસ્ટમ યોજનાના હેતુઓ અંતર્ગત તા.૦૨/૦૮/૨૦૨૨ના રોજ હાઇબ્રીડ નેપિયર ઘાસ (ગજરાજ ઘાસ)ના ચિપાના કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. આ કીટ વિતરણ કાર્યક્રમમાં દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના આમલી અને વડવા ગામના કુલ ૨૦ ખેડૂતોએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં ડૉ.વાય.બી.ચૌહાણ, યુનિટ વડા, આ.કૃ.યુ., દેવગઢ બારીયાએ કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓ અને સંશોધનને લગતી માહિતીથી ખેડૂતોને માહિતગાર કર્યા. ડૉ. સી. જે. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી)એ કેન્દ્ર ખાતેના હા. નેપિયર ઘાસના નિદર્શનની પ્રત્યક્ષ મુલાકાત દરમ્યાન હા. નેપિયર ઘાસનુ ઉત્પાદન અને તેના ઉપયોગની માહિતી ખેડૂતોને આપી. આ એક દિવસ કીટ વિતરણના કાર્યક્રમનું સંપૂર્ણ સંકલન ડો. એચ.કે.દેસાઇ (રિસર્ચ એસોસિયેટ), શ્રી ડી. જે.ગોહિલ, ખેતી મદદનીશ તેમજ શ્રી વી.એચ.રાઠવા, ખેતી મદદનીશ દ્વારા કરવામાં આવેલ.









